# CET (કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) 2026-27

# ચોઈસ ફીલિંગ માર્ગદર્શિકા

CET-2026-27 પોર્ટલમાં જે વિદ્યાર્થીઓની અરજી **મંજૂર (Approve) થઈ ગઈ છે**, તે વિદ્યાર્થીઓ માટે ચોઈસ ફીલિંગ (Choice Filling) પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે.

⏰ **છેલ્લી તારીખ:** તા. ૧૦-૦૪-૨૦૨૬ શુક્રવાર, સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં ચોઈસ ફીલિંગ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.



# ચોઈસ ફીલિંગ પ્રક્રિયા માટે....

આ ચોઈસ ફીલિંગ પ્રક્રિયા માટે **ફક્ત તે વિદ્યાર્થીઓ પાત્ર** રહેશે જેઓ નીચેની બંને શરતો પૂર્ણ કરે છે:

✅ રજિસ્ટ્રેશન પૂર્ણ

**મેરીટ યાદીમાં સમાવિષ્ટ** વિદ્યાર્થીએ CET-2026-27 પોર્ટલ પર રજિસ્ટ્રેશન પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હોવી જોઈએ.

✅ ફોર્મ એપ્રુવ (માત્ર ખાનગી શાળાના વિદ્યાર્થીઓ માટે)

વિદ્યાર્થીનું ફોર્મ સંબંધિત એપ્રૂવર દ્વારા **Approve** થયેલ હોવું જોઈએ. જેમનું ફોર્મ હજુ Pending છે તેઓ આ પ્રક્રિયા કરી શકશે નહિ.

રજિસ્ટ્રેશન પૂર્ણ

ફોર્મ મંજૂર

ચોઈસ ફીલિંગ (ઠરાવની જોગવાઈ મુજબ)

📌 ઉપર દર્શાવ્યા મુજબ, બંને શરતો પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ જ ચોઈસ ફીલિંગ પ્રક્રિયામાં પૂર્ણ કરી શકશે. ફોર્મ અપ્રૂવ માત્ર ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ માટે કરવાનું રહેશે. સરકારી અને અનુદાનિત વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન બાદ ચોઈસ ફીલિંગ કરી શકશે

# ✅ લોગિન પ્રક્રિયા


## લોગિન કેવી રીતે કરવું?

નીચે આપેલ વિદ્યાર્થી લોગિન લિંક પર ક્લિક કરો:

🔗 Student Login Portal


લોગિન માટે નીચેની માહિતી દાખલ કરવાની રહેશે:

- **User ID:** ૧૮ અંકનો CTS ID દાખલ કરવાનો રહેશે.
- **Password:** રજિસ્ટ્રેશન સમયે સેટ કરેલ પાસવર્ડ દાખલ કરવાનો રહેશે.
- **પાસવર્ડ ભૂલ્યા?** "Reset Password" વિકલ્પથી નવો પાસવર્ડ સેટ કરી શકો છો.



# ✅ ચોઈસ ફીલિંગ – ઉપલબ્ધ શાળાઓ જુઓ

લોગિન થયા બાદ વિદ્યાર્થીની કેટેગરી, જાતિ અને ઠરાવમાં દર્શાવેલ જોગવાઈ પ્રમાણે મળવાપાત્ર યોજનાઓ/શાળાઓની યાદી દેખાશે. નીચે સ્ક્રીનશોટ મુજબ ડાબી બાજુના સેક્શનમાં ઉપલબ્ધ શાળાઓની યાદી જોવાં મળશે. વિદ્યાર્થી પોતાની પસંદગી મુજબ શાળાઓ/ યોજનાને અગ્રીમતા આપશે. જેની યાદી જમણી બાજુમાં અગ્રીમતા યાદી જોઈ શકાશે:




👆 ડાબી બાજુ – ઉપલબ્ધ શાળાઓ/યોજનાઓની યાદી (Available Schools) | જમણી બાજુ – આપની **અગ્રીમતા** યાદી (Your Priority List) | ⬆️ ⬇️ Arrow બટન – પ્રાથમિકતાક્રમ બદલવા માટે

# ✅ ચોઈસ ફીલિંગ — પ્રાથમિકતા ક્રમ સેટ કરો

ડાબી બાજુના સેક્શનમાં આપને મળવાપાત્ર યોજના/શાળાઓ દેખાશે. ત્યાં ક્લિક કરી આપની પસંદગી અનુસારની યોજના/શાળાઓ જમણી બાજુના સેક્શનમાં લાવવાની રહેશે. ત્યારબાદ Arrow બટન ક્લિક કરી ક્રમ બદલી શકો છો:

01

## ડાબી બાજુ — ઉપલબ્ધ શાળા પસંદ કરો

ઉપલબ્ધ શાળાઓ/યોજનાઓ પર ક્લિક કરી જમણી બાજુ ઉમેરો.

02


## જમણી બાજુ — ક્રમ ગોઠવો

Arrow બટન ક્લિક કરી આપની અગ્રીમતા અનુસાર ક્રમ ગોઠવો.

03

## બાંહેધરી + Submit Priority

નીચે બાંહેધરી બટન પર ક્લિક કરી **Submit Priority** બટન દ્વારા ફોર્મ સબમિટ કરો.




# ✅ ફોર્મ સબમિટ અને PDF ડાઉનલોડ

## 📥 PDF ડાઉનલોડ

ફોર્મ Submit Priority બટન ક્લિક કર્યા બાદ **"Export to Excel"** બટન ક્લિક કરી આપે કરેલ ચોઇસની PDF ડાઉનલોડ કરી શકશો.

## 🔒 ફોર્મ ડિસેબલ

એક વાર Submit Priority ક્લિક કર્યા બાદ ચોઇસ ફીલિંગ સેક્શન **ડિસેબલ મોડ**માં રહેશે. ફક્ત PDF ડાઉનલોડ કરી શકાશે. ફરીથી લોગિન કર્યા બાદ પણ ફક્ત PDF ડાઉનલોડ ઉપલબ્ધ રહેશે.



# ⚠️ મહત્વપૂર્ણ સૂચનાઓ

### ૧. ધ્યાનપૂર્વક ચોઈસ ફીલ કરો

ચોઈસ ફીલિંગ (શાળાઓ/યોજનાની પસંદગીઓ) **ધ્યાનપૂર્વક** કરો. વાલી/બાળક દ્વારા અને તેમની પસંદગી અનુસાર આ પ્રક્રિયા થાય તે જરૂરી છે.

### ૨. છેલ્લી Submit ચોઈસ જ માન્ય

મેરીટ પ્રસિદ્ધ સમયે આપે **છેલ્લે Submit** કરેલ ચોઈસ ક્રમના આધારે જ આપને મળવાપાત્ર **યોજનાની ફાળવણી** કરવામાં આવશે.

### 3. સમયમર્યાદામાં ચોઈસ ફીલિંગ

જો આપ **સમયમર્યાદામાં ચોઈસ ફીલિંગ** પ્રક્રિયા પૂર્ણ કરવામાં નિષ્ફળ જશો તો આપ **એક પણ યોજનાનો લાભ** લેવા માંગતા નથી તેમ માનીને ફાઈનલ મેરીટ યાદીમાં **સમાવેશ કરવામાં આવશે નહિ.**

### ૪. વિસંગતતા જણાય તો તાત્કાલિક હેલ્પલાઈન પર જાણ કરો

ચોઈસ ફીલિંગ દરમિયાન Student Details કે મળવાપાત્ર યોજના/શાળાની યાદીમાં **કોઈ વિસંગતતા** જણાય તો ત્વરિત **DPEO કચેરી / રાજ્ય કચેરી**નો સંપર્ક કરી ધ્યાન દોરવાનું રહેશે. **મેરીટ ડિક્લેર** થયા બાદ કોઈ સુધારો થઈ શકશે નહિ.

# સારાંશ — ચોઈસ ફીલિંગ ચેકલિસ્ટ

### પોર્ટલ લોગિન

CTS ID (૧૮ અંક) અને પાસવર્ડ દ્વારા cet-portal.gujaratvsk.org પર લોગિન કરો.

### શાળા/સ્કોલરશીપ પસંદ કરો

ડાબી બાજુ ઉપલબ્ધ શાળાઓ/યોજનાઓ જોઈ, ક્લિક કરી જમણી બાજુ ઉમેરો.

### પ્રાથમિકતા ક્રમ ગોઠવો

Arrow બટન ક્લિક કરી આપની પ્રાથમિકતા અનુસાર ક્રમ ગોઠવો.

### Submit Priority

બાંહેધરી ક્લિક કરી **Submit Priority** બટન દ્વારા ફોર્મ સબમિટ કરો.

### PDF ડાઉનલોડ

**Export to Excel** બટન ક્લિક કરી ચોઈસ ફીલિંગ PDF ડાઉનલોડ કરો અને સાચવો.

⏰ **છેલ્લી તારીખ: તા. ૧૦-૦૪-૨૦૨૬, સાંજે ૬:૦૦ વાગ્યા સુધી** — સમયસર પ્રક્રિયા પૂર્ણ ન કરવાથી ફાઈનલ મેરીટ યાદીમાંથી બાકાત થઈ શકો છો.

# 📞 હેલ્પલાઇન વિદ્યા સમીક્ષા કેન્દ્ર

ટેકનીકલ સમસ્યાના માર્ગદર્શન માટે ઓફીસ સમય દરમ્યાન સંપર્ક કરો:

## 07923973615

## સમય: 10:30 am થી 6:00 pm




હેલ્પલાઇન નંબર દ્વારા આપને ચોઈસ ફીલિંગ અને અન્ય પ્રક્રિયા સંબંધિત સહાય આપવામાં આવશે.

# આભાર